# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com

web :-www.surataeo.org


જા.નં.મા-૨/૨૦૨૬/10698 તા.11/૦૮/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
જિલ્લો-સુરત.

વિષય : *વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ* અંતર્ગત શાળા કક્ષાએ વિવિધ કાર્યક્રમો કરવા બાબત.
સંદર્ભ : એમએસસી/સ્મૃતિ દિવસ / વશી ૨૨૫૨ / ૨૦૨૬. તા. ૧૦/૮/૨૦૧૬

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે "વિભાજનની વિભીષિકા સ્મૃતિ દિવસ" અંતર્ગત વિદ્યાર્થીઓમાં ભારતના વિભાજનના સમયગાળા દરમિયાન સર્જાયેલી માનવીય વેદના, સ્થળાંતર, સંઘર્ષ, બલિદાન અને તે સમયના અનુભવો અંગે જાગૃતિ કેળવવા તથા રાષ્ટ્રીય એકતા અને માનવતાનો સંદેશ પ્રબળ બને તે હેતુથી શાળાકક્ષાએ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન તા.૧૩/૮/૨૦૨૬ તેમજ તા ૧૪/૮/૨૦૨૬ ના રોજ કાર્યક્રમને અનુરૂપ નીચે મુજબની પ્રવૃત્તિઓ કરાવવાની રહેશે.

1. સ્મૃતિ કાર્યક્રમનું આયોજન:
   - વ્યાખ્યાન, ચર્ચા, જનજાગૃતિના કાર્યક્રમો જેવી પ્રવૃત્તિનું આયોજન અને અમલીકરણ કરવાનું રહેશે.
   - પ્રાર્થના સભા/વિશેષ સભામાં *"વિભાજનની વિભીષિકા સ્મૃતિ દિવસ"*ની માહિતી આપવામાં આવે.
   - નિબંધ, વક્તૃત્વ, કાવ્યપઠન, ચિત્ર સ્પર્ધા વગેરેનું આયોજન કરવાનું રહેશે.
2. "Partition Horror Remembrance Day" આધારિત પ્રદર્શન :
   - શાળામાં શક્ય હોય ત્યાં સ્મૃતિ પ્રદર્શન/Exhibitionનું આયોજન કરવું. પ્રદર્શનમાં વિદ્યાર્થીઓની સર્જનાત્મક ભાગીદારી રહે તે ખાસ ધ્યાનમાં લેવું.
   - શાળાની સુવિધા મુજબ ડિજિટલ પ્રદર્શન, ફોટો/માહિતી આધારિત Digital Presentation, વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા ટૂંકા વિડિયો, PowerPoint Presentation, સ્મૃતિ સંદેશ આધારિત Digital Wall પણ તૈયાર કરવાના રહેશે.

શાળા કક્ષાએ કરેલ પ્રવૃત્તિઓને વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર અપલોડ કરવાની રહેશે તથા પ્રવૃત્તિઓના અહેવાલ અને હાયર રીઝોલ્યુશન ફોટોગ્રાફ્સ સાથે **deosurat5@gmail.com** પર મોકલી આપવાના રહેશે.

બિડાણ : સંદર્ભપત્ર

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

Scanned with OKEN Scanner

# કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી

વહિવટ શાખા,બીજ-, જિલ્લા સેવા સદનર-, અઠવાલાઈન્સ, સુરત.
ફોન નંર૬૫૫૧૫૧-૦ર૬૧ ., ર૬૬૦૦ર૧, ફેક્સ નંર૬૫૫૭૫૭ .
Email:- collector-sur@gujarat.gov.in
56.vahivatsurat@gmail.com

તા. ૧૦/૦૮/૨૦૨૬

નં. એમએસસી/ સ્મૃતિ દિવસ/વશી ૨૨૫૨ /૨૦૨૬

વંચાણે લીધુ :-
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગરનો તા.૦૮/૦૮/૨૦૨૬નો પરિપત્ર ક્રમાંક SYCAD/GOIR/e-file/19/2025/0843/D-PF2.

કામગીરી હુકમ :-

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે તા.૧૩/૦૮/૨૦૨૬ તથા તા.૧૪/૦૮/૨૦૨૬ના રોજ "વિભાજનની વિભીષિકા સ્મૃતિ દિવસ" અંતર્ગત જિલ્લા કક્ષાએ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. સદર કાર્યક્રમનું સુચારુ આયોજન, સંકલન, અમલીકરણ તથા દેખરેખ માટે નીચે મુજબના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને તેમની કામગીરી સોંપવામાં આવે છે.

કાર્યક્રમ સ્થળ :-
ભારત રત્ન અટલ બિહારી વાજપેયી ઓડિટોરિયમ, કતારગામ, સુરત

| ક્રમ | અધિકારીશ્રીનુ નામ હોદ્દો | કામગીરીની વિગત |
|---|---|---|
| ૧ | શ્રી રાઘવ જૈન **(IPS)**<br>નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૩ સુરત શહેર<br>મો.નં.૯૯૭૮૪-૩૭૭૪૭<br><br>સુ.શ્રી અનુપમ **(IPS)**<br>નાયબ પોલીસ કમિશનરશ્રી ટ્રાફિક સેકટર-૨, સુરત શહેર<br>મો.નં. ૯૨૨૭૯-૮૩૮૧૨ | કાર્યક્રમ સ્થળે કાયદો અને વ્યવસ્થા, સુરક્ષા તથા જરૂરી ટ્રાફિક વ્યવસ્થા જાળવવા જરૂરી બંદોબસ્ત ગોઠવવો.<br>"મૌન કેન્ડલ માર્ચ માટે રૂટ, સુરક્ષા તથા અન્ય જરૂરી વ્યવસ્થા કરવી. |
| ૨ | શ્રી સ્મિત લોઢા **(IAS)**<br>નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી નોર્થ ઝોન સુ.મ.પા.<br>મો.નં.૬૩૫૯૯-૦૫૦૦૨<br><br>શ્રી નિલેશ પટેલ<br>કાર્યપાલક ઇજનેરશ્રી માર્ગ અને મકાન - ૧, સુરત<br>મો.નં. ૯૯૦૪૧-૭૯૯૦૦<br><br>શ્રી ડી.એમ.ફળદુ<br>કાર્યપાલક ઇજનેરશ્રી માર્ગ અને મકાન - ઇલેકટ્રીક , સુરત<br>મો.નં.૯૮૯૮૫-૮૦૪૪૬ | કાર્યક્રમ સ્થળની સફાઈ, બેઠક વ્યવસ્થા, મંચ વ્યવસ્થા, સાઉન્ડ સિસ્ટમ, વીજળી, પાણી તથા અન્ય જરૂરી સુવિધાઓની વ્યવસ્થા કરવી. |

Scanned with OKEN Scanner

| | | |
|---|---|---|
| ૩ | સુ.શ્રી એન.એન.સવાણી **(GAS)**<br>પ્રાંત અધિકારી સુરત શહેર ઉત્તર<br>મો.નં. ૯૭૨૪૯-૯૨૯૭૮<br>(નોડલ અધિકારીશ્રી)<br><br>સુ.શ્રી રાધીકા લાઠીયા<br>જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી<br>૯૫૭૪૬-૭૮૪૦૧<br>(સહ નોડલ અધિકારીશ્રી) | • સમગ્ર કાર્યક્રમના આયોજન અને અમલીકરણ માટે નોડલ અધિકારી તરીકે કામગીરી કરી તમામ સંબંધિત વિભાગો/કચેરીઓ સાથે જરૂરી સંકલન કરવું તથા કાર્યક્રમની સમગ્ર વ્યવસ્થાની દેખરેખ રાખવી.<br>મૌન તથા કેન્ડલ માર્ચ વ્યવસ્થા:-<br>• નક્કી કરેલ કાર્યક્રમ દરમિયાન ૨ મિનિટનું મૌન પાળવાની વ્યવસ્થા કરવી<br>• મૌન કેન્ડલ માર્ચ માટે રૂટ અન્ય જરૂરી વ્યવસ્થા કરવી.<br><br>( કાર્યક્રમ પૂર્ણ થયા બાદ થયેલ કામગીરીનો સંક્ષિપ્ત અહેવાલ તથા ફોટોગ્રાફિક દસ્તાવેજીકરણ અત્રેની જાણ હેઠળ વિભાગમાં રજુ કરવો ) |
| ૩ | શ્રી ભગીરથ સિંહ પરમાર<br>જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી<br>મો.નં. ૯૯૦૯૯-૭૦૨૧૮<br><br>ડો. અરુણ અગ્રવાલ<br>જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી<br>મો. નં. ૯૯૦૯૯-૭૧૬૯૭<br><br>શ્રી ધર્મેશ પટેલ<br>શાશનાધિકારી સુરત મહાનગર પાલિકા<br>મો. નં. ૯૦૯૯૦-૦૮૬૧૧ | • જિલ્લાની શાળાઓ, કોલેજો તથા યુનિવર્સિટીઓમાં વિભાજનની વિભીષિકા અંગે વ્યાખ્યાન, ચર્ચા તથા જનજાગૃતિ કાર્યક્રમો યોજાય તે સુનિશ્ચિત કરવું. વિદ્યાર્થીઓને પ્રદર્શનની મુલાકાત તથા ઓનલાઈન પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવા.<br>• વિદ્યાર્થીઓ નિહાળી શકે તે રીતે "Partition Horror Remembrance Day" આધારિત પ્રદર્શનનું આયોજન કરવું તથા પ્રદર્શન સ્થળે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી. |
| ૪ | શ્રી વિરલ પટેલ<br>જિલ્લા રમતગમત અધિકારીશ્રી<br>મો.નં. ૯૮૯૮૨-૭૯૪૪૯<br><br>શ્રી કનુભાઈ રાઠોડ<br>જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી<br>મો.નં. ૯૪૨૭૧-૦૪૮૭૪ | યુવાનોની મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરવા તથા સંબંધિત જનજાગૃતિ પ્રવૃત્તિઓનું સંકલન કરવું. |
| ૫ | શ્રી અરવિંદભાઈ મછાર<br>નાયબ માહિતી નિયામકશ્રી<br>મો.નં. ૯૯૨૫૨-૫૫૮૬૨ | કાર્યક્રમનો પ્રચાર-પ્રસાર, પ્રેસનોટ, ફોટોગ્રાફી/વિડિયોગ્રાફી તથા મીડિયામાં યોગ્ય પ્રસિદ્ધિ માટે જરૂરી કાર્યવાહી કરવી. |

ખાસ સૂચનાઓ

(૧) કાર્યક્રમનું સ્વરૂપ સંવેદનશીલ તથા ગૌરવપૂર્ણ રહે તે સુનિશ્ચિત કરવું. કાર્યક્રમ સ્થળની સજાવટ સફેદ રંગના ફૂલોથી કરવાની સૂચના પણ પરિપત્રમાં આપવામાં આવેલ છે.

(૨) કાર્યક્રમ દરમિયાન ભારતના રાષ્ટ્રધ્વજની ગરિમા જળવાય અને Flag Code of India, 2002 તથા વખતોવખત થયેલા સુધારાઓનું સંપૂર્ણ પાલન થાય તે તમામ સંબંધિતોએ સુનિશ્ચિત કરવું.

(૩) કાર્યક્રમ પૂર્ણ થયા બાદ થયેલ કામગીરીનો સંક્ષિપ્ત અહેવાલ તથા ફોટોગ્રાફિક દસ્તાવેજીકરણ નોડલ અધિકારીશ્રી મારફતે રજૂ કરવાનું રહેશે.

(૪) ઉપરોક્ત કામગીરી અગ્રતા ધોરણે, સમયસર તથા પરસ્પર સંકલન સાથે પૂર્ણ કરવાની રહેશે.

HParmar

કલેક્ટર સુરત

Scanned with OKEN Scanner